# પ્રકરણ : ૧૨

# પંચેન્દ્રિય તિર્યંચ અને તેના મરણના દુઃખ



**પ્રકરણની રૂપરેખા**


○ પ્રાસ્તાવિક
**૧. પંચેન્દ્રિય તિર્યંચ કોને કહે છે ?**
**૨. પંચેન્દ્રિય તિર્યંચના પ્રકાર**
૧. અસંજ્ઞી ૨. સંજ્ઞી
**૩. પંચેન્દ્રિય તિર્યંચનું સ્વરૂપ**
**૪. પંચેન્દ્રિય તિર્યંચના મરણનું દુઃખ**
૧. તદ્‌ભવ મરણથી થતું દુઃખ
૨. ભાવમરણથી થતું દુઃખ
○ ઉપસંહાર


(છંદ : ચોપાઇ, માત્રા ૧૫)

**कबहूँ पंचेन्द्रिय पशु भयो, मन बिन निपट अज्ञानी थयो।**
**सिंहादिक सैनी है क्रूर, निबल पशु हति खाये भूर ।।**





**ભાવાર્થઃ** આ જીવ ક્યારેક પંચેન્દ્રિય પશુ થયો ત્યાં મન વિનાનો અસંજ્ઞી હોવાને કારણે અત્યંત અજ્ઞાની રહ્યો અને કોઇ વખત સંજ્ઞી થયો તો સિંહ જેવો ક્રૂર પ્રાણી થઇને પોતાથી નબળા બીજા પશુને મારી ખાધા અને તેથી પણ પોતાનું ઘોર **અજ્ઞાન ચાલુ જ રાખ્યું.** (છ ઢાળા : ઢાળ ૧ : ગાથા ૬)

એકેન્દ્રિયમાંથી વિકલેન્દ્રિયની ત્રસ પર્યાય પ્રાપ્ત થવી દુર્લભ છે. અને બે, ત્રણ કે ચાર ઇન્દ્રિયવાળા વિકલત્રયમાંથી પંચેન્દ્રિય તિર્યંચની અવસ્થા પ્રાપ્ત થવી વધુ દુર્લભ છે. પંચેન્દ્રિય તિર્યંચરૂપ પશુ થાય તોપણ તેમાં તે મન વગરનો અસંજ્ઞી થાય છે. અસંજ્ઞી હોવાને કારણે તેનામાં કોઇ પ્રકારની વિવેકબુદ્ધિ કે હિતાહિતનો વિચાર હોતો નથી. તેથી તેનું અનાદિનું અજ્ઞાન ઊભું જ રહે છે. કદાચિત્ તે સંજ્ઞી થાય તો તેમાં પણ સિંહ જેવો હિંસક પ્રાણી થાય છે. પોતાના ક્રૂર પરિણામના કારણે આવો પ્રાણી સંજ્ઞી હોવા છતાં પોતાનું કોઇ હિત વિચારી શકતો નથી. કદાચિત્ ક્રૂર પરિણામ ન હોય તોપણ આ પશુઓ ભૂખ-તરસની પીડાથી આમતેમ ભટકતા પોતાનું જીવન પૂરું કરે છે અને પોતાના હિતનો કોઇ ઉપાય કરતાં નથી. તેથી પંચેન્દ્રિય તિર્યંચની સંજ્ઞી અવસ્થામાં પણ પોતાનું અજ્ઞાન ટાળવાનો કોઇ ઉપાય બનતો નથી.

આ જીવના બધાં પ્રકારનાં દુઃખનું મૂળ કારણ પોતાનું અજ્ઞાન છે. અનાદિથી ચાલ્યું આવતું આ અજ્ઞાન ટાળવા માટે મનુષ્ય પર્યાય શ્રેષ્ઠ છે. મનુષ્ય પર્યાયમાં આત્મહિતના દૃઢ સંસ્કાર પામીને કોઇ જીવ પશુમાં જાય તો તે પૂર્વના સંસ્કારને આગળ વધારીને આત્મહિત સાધી શકે છે. તેથી પશુ પર્યાયમાં આત્મહિત સાધનારો જીવ પૂર્વની મનુષ્ય પર્યાયમાં આત્મહિતના દૃઢ સંસ્કાર પ્રાપ્ત કરેલ હોય છે. તેથી આત્મહિત માટે મનુષ્ય પર્યાય જ શ્રેષ્ઠ સમજવી.

સંસારની ચારેય ગતિ દુઃખ ભોગવવાનું સ્થાન છે અને તેમાં તિર્યંચ ગતિમાં તો અધિકતમ દુઃખ હોય છે. પંચેન્દ્રિય તિર્યંચ અનેક પ્રકારના દુઃખો ભોગવે છે. પણ તેમાં મરણનું દુઃખ મુખ્ય છે. તેથી મરણના દુઃખનું વર્ણન પંચેન્દ્રિય તિર્યંચના આધારે આપવામાં આવે છે પણ તે પહેલાં આ પંચેન્દ્રિય તિર્યંચ અને તેના પ્રકાર તેમ જ તેનું સ્વરૂપ સમજાવવામાં આવે છે.

## પંચેન્દ્રિય તિર્યંચ કોને કહે છે ?



**જેને સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચેય ઇન્દ્રિયો હોય તેવા જીવોને પંચેન્દ્રિય કહે છે. મનુષ્ય, નારકી, દેવ અને પશુનાં જીવો પંચેન્દ્રિય હોય છે. તેમાંથી મનુષ્ય, નારકી અને દેવ સિવાયના પશુનાં જીવને પંચેન્દ્રિય તિર્યંચ કહે છે.**


પંચેન્દ્રિય તિર્યંચ તિર્યક્‌લોકમાં હોય છે. મધ્યલોકના આડ છેદના તિરછા ભાગને તિર્યક્‌લોક કહે છે. તેમાં અસંખ્ય દ્વીપો અને સમુદ્રો આવેલા છે. પંચેન્દ્રિય તિર્યંચ તેમાં હોય છે. મનુષ્ય, નારકી અને દેવ સિવાયના સઘળા પંચેન્દ્રિય જીવ એ પંચેન્દ્રિય તિર્યંચ

છે. પંચેન્દ્રિય તિર્યંચને પશુ પણ કહે છે.

તિર : એટલે કે કુટિલતાને પ્રાપ્ત હોય તે તિર્યંચ છે. કુટિલતા કે માયાચારરૂપ આડોડાઇના ફળમાં તિર્યંચ પશુનાં શરીર આડા હોય છે તેમ માનવામાં આવે છે. વળી તિરોભાવ ને પ્રાપ્ત હોય તેને પણ તિર્યંચ કહે છે. તિરોભાવ એટલે બોજો ઉઠાવવાને યોગ્ય કે નીચપણું છે. તિર્યંચ પશુઓ બોજો ઉઠાવવા જેવું નીચ કામ કરતાં પણ જોવા મળે છે.

## પંચેન્દ્રિય તિર્યંચના પ્રકાર


ત્રસ નામ કર્મના ઉદય ધરાવતા પંચેન્દ્રિય પશુઓ પંચેન્દ્રિય તિર્યંચ તરીકે ઓળખાય છે. પંચેન્દ્રિય તિર્યંચ મુખ્યત્વે બે પ્રકારે છે–



૧. અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ
૨. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ

### ૧. અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ

**મન વગરના પંચેન્દ્રિય તિર્યંચને અસંજ્ઞી કહે છે.**




જેમનો જન્મ સંમૂર્ચ્છન પ્રકારનો હોય તેવા પશુ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ હોય છે. ચોમાસામાં આપમેળે ઉત્પન્ન થતા કેટલાક પ્રકારના દેડકા, સર્પ જેવા પ્રાણીઓ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ હોય છે.

અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ મન વગરના હોવાથી વિવેકબુદ્ધિ વિનાના હોય છે. તેથી તેઓ આત્મહિતના અધિકારી નથી. દેડકા, સર્પ, માછલી જેવા કેટલાંક પ્રાણીઓ સંજ્ઞી અને અસંજ્ઞી એમ બંને પ્રકારના હોય છે. પણ તેમાં જેમનો જન્મ સંમૂર્ચ્છન પ્રકારનો હોય તેઓ અસંજ્ઞી અને ગર્ભજ પ્રકારનો હોય તેઓ સંજ્ઞી છે.

### ૨. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ

**મન સહિતના હોય તેવા પંચેન્દ્રિય તિર્યંચને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ કહે છે.**



જેમનો જન્મ ગર્ભજ પ્રકારનો હોય તેવા પશુ એ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ હોય છે. ગાય, કબુતર અને સસલાં જેવા પ્રાણીઓ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ હોય છે.

સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ મન સહિતના હોવાથી તેઓમાં વિવેકબુદ્ધિ હોય છે. તેથી તેઓ આત્મહિતનો ઉપાય કરી સમ્યગ્દર્શન સાધી શકે છે. પણ આ માટે તેમણે પૂર્વની મનુષ્ય પર્યાયમાં આત્મહિતના દૃઢ સંસ્કાર પ્રાપ્ત કરેલા હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો જન્મ જરાયુજ, અંડજ કે પોતજ પ્રકારનો ગર્ભજન્મ હોય છે. ગાયના વાછરડાનો જન્મ જરાયુજ પ્રકારનો હોય છે. તેમાં ગર્ભની ફરતી પાતળી કોથળી જેવું આવરણ હોય છે. કબુતર જેવા પક્ષીના બચ્ચાનો જન્મ અંડજ પ્રકારનો હોય છે. તેમાં ફલિત થયેલ ઈંડાનું કોચલું તૂટતા બચ્ચાનો જન્મ થાય છે. સસલાંનો જન્મ પોતજ પ્રકારનો હોય છે. તેમાં ગર્ભની ફરતે કોઇ આવરણ હોતું નથી અને જન્મ પામનાર પ્રાણી જન્મતાંની સાથે જ દોડાદોડી કરવા લાગે છે.


## પંચેન્દ્રિય તિર્યંચનું સ્વરૂપ

**મનુષ્ય, દેવ અને નારકી સિવાયના પંચેન્દ્રિય પ્રાણીને પંચેન્દ્રિય તિર્યંચ કહે છે.**

પ્રકાર : પંચેન્દ્રિય તિર્યંચ મુખ્યત્વે અસંજ્ઞી અને સંજ્ઞી એમ બે પ્રકારના છે. આ બંને પ્રકારના તિર્યંચ પર્યાપ્તક અને અપર્યાપ્તક એમ બંને પ્રકારના હોય છે. તેથી પંચેન્દ્રિય તિર્યંચ ૨ × ૨ = ૪ પ્રકારના છે. આ બધા જ પ્રકારના પંચેન્દ્રિય તિર્યંચ તેના રહેઠાણની અપેક્ષાએ ત્રણ પ્રકારના છે. **૧. સ્થળચર ૨. જળચર** અને **૩. નભચર.**



ગોરિલો, વાનર, ગરોળી, નોળિયો, ઘો, હાથી, અજગર, ગાય, સિંહ અને ઘોડા જેવા જમીન ઉપર વસનારા પંચેન્દ્રિય તિર્યંચને **સ્થળચર** કહે છે.




મગર, દેડકો, માછલી, કરચલો, આઠપગો, સીલ, કાચબો અને વ્હેલ જેવા પાણીમાં રહેનારા પંચેન્દ્રિય તિર્યંચને **જળચર** કહે છે.



કાગડો, પોપટ, ચકલી, કબુતર, મોર, મરઘી, બતક જેવા પીંછાવાળા પક્ષીઓ તેમ જ બીડિલી કે ઉઘાડી પાંખવાળા બીજા પક્ષીઓ તેમજ ચામાચિડીયાં જેવા ઉડી શકે તેવા ચર્મજ પ્રાણીઓ **નભચર** કહેવાય છે.

**અવસ્થાન :** પંચેન્દ્રિય તિર્યંચમાં જે અસંજ્ઞી છે તે તિર્યંક્ લોકના કર્મભૂમિના વિસ્તારમાં હોય છે. તિર્યંક્લોકનો વચ્ચેનો જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડદ્વીપ, કાલોદધિ સમુદ્ર અને પુષ્કરદ્વીપના અડધા ભાગ સુધીનો અઢીદ્વીપનો મનુષ્યલોકનો વિસ્તાર તેમજ છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર અને તેની સાથે જોડાયેલ સ્વયંભૂરમણદ્વીપનો અડધો ભાગ સુધીના વિસ્તારના કેટલાંક ભાગમાં કર્મભૂમિની વ્યવસ્થા હોય છે. આ કર્મભૂમિમાં અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ હોય છે. જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ સમગ્ર તિર્યંક્લોકમાં જોવા મળે છે. પણ તેમાં જળચર તિર્યંચો કર્મભૂમિ સંબંધિત વિસ્તારમાં હોય છે. તેમ છતાં કોઇ પૂર્વના વૈરી દેવ દ્વારા કર્મભૂમિના જળચર તિર્યંચને ભોગભૂમિ સંબંધિત સમુદ્રમાં નાંખી દેવામાં આવે તો તે ત્યાં સંભવી શકે છે.



**પર્યાપ્તિ :** પંચેન્દ્રિય તિર્યંચમાં જે સંજ્ઞી હોય તેને આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છ પ્રકારની બધી જ પર્યાપ્તિ હોય છે. જ્યારે અસંજ્ઞીને મન સિવાયની બાકીની પાંચ પર્યાપ્તિ હોય છે. પંચેન્દ્રિય તિર્યંચ પોતાની રસના ઇન્દ્રિય વડે પોતાને યોગ્ય આહાર ગ્રહણ કરે છે. તેનું શરીર આહાર વર્ગણામાંથી બનેલ હોય તેવું ઔદારિક પ્રકારનું હોય છે. તેને સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન એ પાંચેય ઇન્દ્રિયો હોય છે. અને નાક વડે તે શ્વાસોચ્છ્વાસ કરે છે અને જીભ વડે ભાષા પણ ઉચ્ચારે છે અને મન હોય તે મન વડે પોતાના હિતાહિતનો કોઇક વિચાર કરી શકે છે.

**અવગાહના :** બધાં જ પ્રકારના પંચેન્દ્રિય તિર્યંચની જઘન્ય અવગાહના ઘનાંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી હોય છે. ઉત્કૃષ્ટ અવગાહનામાં સ્થળચર જીવની ત્રણ કોષ (૯.૬ કિ.મી.) નભચર જીવની આઠ ધનુષ (૧૨.૮ મી.) અને જળચર જીવોમાં સ્વયંભૂરમણ સમુદ્રની મધ્યમાં થતા મહામત્સ્યની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજન (૧૨૮૦૦ કિ.મી.) જેટલી હોય છે.

**આયુ :** બધાં જ પ્રકારના પંચેન્દ્રિય પશુનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત જેટલું હોય છે. ઉત્કૃષ્ટ આયુષ્યમાં જળચર જીવોના મહામત્સ્યનું એક કરોડ પૂર્વ (૭.૦૫૬×૧૦[illegible] વર્ષ), નભચર જીવોના પક્ષીનું ૭૨૦૦૦ વર્ષ અને સ્થળચર જીવમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ધરાવતા કર્મભૂમિના સર્પનું આયુષ્ય ૪૨૦૦૦ વર્ષ સુધીનું હોય છે. ભોગભૂમિના સ્થળચર જીવોમાં ઉત્તમ ભોગભૂમિમાં ત્રણ પલ્ય (૧.૨૩૯×૧૦[illegible] વર્ષ), મધ્યમ ભોગભૂમિમાં બે પલ્ય (૮.૨૬×૧૦[illegible] વર્ષ) અને જઘન્ય ભોગભૂમિના સ્થળચર પશુનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્ય (૪.૧૩×૧૦[illegible] વર્ષ) જેટલું હોય છે. અંતર્દ્વીપજ કુભોગભૂમિના તિર્યંચોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્ય (૪.૧૩×૧૦[illegible] વર્ષ) જેટલું હોય છે.

**ક્ષુદ્રભવ :** પોતાને યોગ્ય એક પણ પર્યાપ્તિ પૂરી થતા પહેલા મરણ પામનાર અપર્યાપ્તક જીવના ભવને ક્ષુદ્રભવ કહે છે. એક અંતર્મુહૂર્ત જેટલા કાળમાં તે જ પ્રકારના ભવમાં સતતપણે વારંવાર અપર્યાપ્તક જીવના જે ક્ષુદ્રભવ થાય છે તેની સંખ્યા આઠ જેટલી હોય છે એટલે કે અપર્યાપ્તક પંચેન્દ્રિય તિર્યંચના એક અંતર્મુહૂર્ત કાળના ક્ષુદ્રભવની સંખ્યા આઠ જેટલી છે.

**જન્મનો પ્રકાર :** પંચેન્દ્રિય તિર્યંચના અસંજ્ઞી જીવોમાં જન્મ સંમૂર્ચ્છન પ્રકારનો હોય છે. સંમૂર્ચ્છન જીવની ઉત્પત્તિ અનુકૂળ પરિસ્થિતિ અને પુદ્ગલથી આપમેળે થાય છે. સંજ્ઞી જીવોનો જન્મ ગર્ભજ પ્રકારનો હોય છે. ગર્ભજ પ્રકારનો જન્મ જરાયુજ, અંડજ કે પોતજ એ ત્રણ પૈકી કોઇ એક પ્રકારે હોય છે.

**ગતિ-નામકર્મ-કાળ-સંખ્યા-લિંગ :** પંચેન્દ્રિય પશુ એ તિર્યંચ ગતિના કહેવાય છે અને તેઓ ત્રસ નામકર્મનો ઉદય ધરાવવાને કારણે ત્રસ જીવો પણ કહેવાય છે. ત્રસ પર્યાયમાં જીવને રહેવાના ઉત્કૃષ્ટ બે હજાર સાગરોપમના કાળમાં સૌથી મોટો કાળ સંજ્ઞી પંચેન્દ્રિય સહિતની તિર્યંચ પર્યાયનો હોય છે અને સંખ્યાની અપેક્ષાએ તિર્યંચ જીવોની સંખ્યા પણ સૌથી વધુ હોય છે. પંચેન્દ્રિય તિર્યંચમાં અસંજ્ઞી જીવો નપુંસક લિંગ ધારી હોય છે. સંજ્ઞી જીવો પુલ્લિંગધારી અને સ્ત્રીલિંગ ધારી એમ બંને પ્રકારના હોય છે.

**પ્રાણ :** પંચેન્દ્રિય પશુમાં સંજ્ઞી જીવો પાંચેય ઇન્દ્રિયો, મન-વચન-કાય એ ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને

આયુ એ દશેય પ્રકારના પ્રાણ ધરાવે છે. અસંજ્ઞી જીવો મન સિવાયના બાકીના નવ પ્રાણ ધરાવે છે.

**ગતિ-આગતિ :** સામાન્ય રીતે વિકલેન્દ્રિય જીવ ઉન્નતિ પામીને પંચેન્દ્રિય તિર્યંચમાં અવતરે છે અને દેવ કે મનુષ્ય `અવનતિ પામીને તેમાં અવતરે છે. પંચેન્દ્રિય તિર્યંચમાંથી બીજી કોઇપણ ગતિમાં અવતાર થતો હોય છે. પણ તેમાં સમ્યગ્દષ્ટિ તિર્યંચનો અવતાર દેવ ગતિમાં અને મિથ્યાદષ્ટિ સિંહ જેવા ક્રૂર અને હિંસક તિર્યંચનો અવતાર નિયમથી નરક ગતિમાં થાય છે.

**પંચેન્દ્રિય તિર્યંચમાં અવતરવાનું કારણ :** વિપરીત માર્ગનો ઉપદેશ આપનાર, અજ્ઞાની, બહુ આરંભ-પરિગ્રહ ધરાવનાર, માયાચારી અને અશુભ લેશ્યામાં મરણ પામનાર જીવ મોટેભાગે પંચેન્દ્રિય તિર્યંચમાં અવતરે છે.

**સમ્યક્ત્વનો અધિકાર :** પંચેન્દ્રિય તિર્યંચમાં જે જીવ અસંજ્ઞી છે તે સમ્યક્ત્વનો અધિકારી નથી. પણ જે જીવ સંજ્ઞી છે, તે તેનો અધિકારી છે. તેનું સમ્યગ્દર્શન સામાન્યપણે નિસર્ગજ પ્રકારનું હોય છે, અને આવો જીવ પૂર્વની મનુષ્ય પર્યાયમાં આત્મહિતના સંસ્કાર પ્રાપ્ત કરેલ હોય છે.



સઘળાં પ્રકારના સંસારી અજ્ઞાની જીવને સઘળાં પ્રકારના દુઃખ હોય છે. પંચેન્દ્રિય તિર્યંચને પણ બધાં પ્રકારના દુઃખો છે. તેમાં મરણનું દુઃખ મુખ્ય છે તેથી મરણનાં દુઃખની ચર્ચા અહીં પંચેન્દ્રિય તિર્યંચના દુઃખના આધારે કરવામાં આવે છે.

## પંચેન્દ્રિય તિર્યંચના મરણનાં દુઃખ

(છંદ : વિષ્ણુપદ)

**काल-सिंह ने मृग-चेतन को, घेरा भव-वन में ।**
**नहीं बचावनहारा कोई, यों समझो मन में ।।**
**मंत्र-यंत्र सेना धन-संपत्ति, राज-पाट छूटै ।**
**वश नहीं चलता काल-लूटेरा, काय-नगरी लूटै ।।**
**चक्ररत्न हलधर-सा भाई, काम नहीं आया ।**
**एक तीर के लगत कृष्ण की, विनश गई काया ।।**
**देव-धर्म-गुरु शरण जगत में, और नहीं कोई ।**
**भ्रम से फिरै भटकता चेतन, यूँ ही उमर खोई ।।**

**ભાવાર્થ :** સંસારરૂપી વનમાં કાળરૂપી સિંહ મૃગ સમાન સંસારી જીવને પોતાની પકડમાં લ્યે છે ત્યારે તેને બચાવનારૂં આ જગતમાં કોઈ હોતું નથી. તે બાબત મનથી બરાબર સમજી લેવા જેવી છે. યમરાજરૂપી લૂંટારો શરીરરૂપી નગરીને લૂંટીને ચાલ્યો જાય છે. ત્યારે મંત્ર-યંત્ર, સેના-સેનાપતિ, ધન-સંપતિ, રાજ-પાટ વગેરે બધું જ હોવા છતાં કોઈ તેને રોકી શકતું નથી. જુઓ, પારધીના એક તીર લાગવા માત્રથી જ કૃષ્ણની કાયા વિણસી ગઈ, તે સમયે ચક્રરત્ન અને બલભદ્ર જેવો ભાઈ હાજર હોવા છતાં કાંઈ કરી શક્યા નહિ. તેથી આ જગતમાં વીતરાગી દેવ-ગુરુ-ધર્મ સિવાય અન્ય કોઈ શરણરૂપ નથી. તેમ છતાં આ સંસારી અજ્ઞાની પ્રાણી ધન-સંપતિ જેવી ચીજને શરણરૂપ માની તેની પાછળ ભટકીને પોતાનું જીવન વ્યર્થ પૂરું કરી નાંખે છે.

(કવિશ્રી મંગતરાયકૃત : અશરણ ભાવના)

સંસારી જીવનું મોટામાં મોટું દુઃખ મરણનું છે. આ અશરણ સંસારમાં મરણ અને તેના દુઃખથી બચાવનાર કોઇ નથી. તોપણ વીતરાગી દેવ-ગુરુ-ધર્મના શરણે આત્મહિતનો ઉપાય કરી મરણ અને તેના દુઃખથી બચી શકાય છે. મન સહિતનો સંજ્ઞી પ્રાણી જ આત્મહિતનો ઉપાય કરી શકે છે. પંચેન્દ્રિય તિર્યંચમાં જે મન વગરના અસંજ્ઞી છે, તે વિવેકબુદ્ધિ વિનાના હોવાથી આત્મહિતનો કોઇ ઉપાય કરી શકતા નથી. જે સંજ્ઞી છે તે હિતાહિતનો વિચાર કરી આત્મહિતનો ઉપાય કરી શકે છે. તોપણ તેઓમાં મનુષ્ય જેવી ઉત્તમ વિવેક બુદ્ધિ હોતી નથી. વળી તિર્યંચ અવસ્થામાં વીતરાગી દેવ-ગુરુ-ધર્મની ઉપલબ્ધિ પણ નથી. આ કારણે તિર્યંચ અવસ્થામાં આત્મહિત કે જેના સંસ્કારની શરૂઆત સંભવતી નથી. તો પણ પૂર્વની મનુષ્ય પર્યાયમાં કોઇ આત્મહિતના સંસ્કાર પ્રાપ્ત કરેલ હોય તેવા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પોતાના પૂર્વના સંસ્કારના બળે આત્મહિતનો ઉપાય કરી સમ્યગ્દર્શન સાધી શકે છે. આ રીતે ભગવાન મહાવીરના જીવે સિંહની પર્યાયમાં અને ભગવાન પાર્શ્વનાથના જીવે હાથીની પર્યાયમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરેલ હતું. આ રીતે પશુ અવસ્થામાં

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર જીવે પૂર્વની મનુષ્ય અવસ્થામાં આત્મહિતના સંસ્કાર મેળવેલ હોય તે જરૂરી છે. વર્તમાન દુષમકાળમાં પણ આત્મહિતને અનુકૂળ સંયોગો પોતાની પાસે છે. તેથી વર્તમાન મનુષ્ય પર્યાયનો સદુપયોગ આત્મહિતના સંસ્કાર અને સમ્યગ્દર્શનની સાધના માટે કરવામાં જ તેની સાર્થકતા છે. જેના કારણે ફરી ફરી મરણના દુઃખોથી બચી શાશ્વત સુખની સિદ્ધદશાની પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થશે.

પંચેન્દ્રિય તિર્યંચમાં મરણના દુઃખની મુખ્યતા છે. અજ્ઞાની પશુનું મરણ આર્ત-રૌદ્રધ્યાનપૂર્વકનું હોવાથી મહાદુઃખનું કારણ છે. જન્મ કરતાંય મરણનું દુઃખ અનેકગણું અધિક હોય છે. અજ્ઞાની સંસારી જીવના મરણ અને તેનાથી થતું દુઃખ મુખ્યત્વે બે પ્રકારે છે–

૧. તદ્ભવ મરણથી થતું દુઃખ
૨. ભાવમરણથી થતું દુઃખ

## ૧. તદ્ભવ મરણથી થતું દુઃખ

**આયુકર્મનો ઉદય પૂરો થવાથી થતાં દેહના વિયોગને તદ્ભવ મરણ કહે છે.**

દેહ અને દેહ સંબંધિત પ્રાણો અને સંયોગો છોડીને એક ભવમાંથી બીજા ભવનું ભવાંતર થવું તે અજ્ઞાની જીવનું તદ્ભવ મરણ છે.

અજ્ઞાની જીવના તદ્ભવ મરણનું દુઃખ ઘણું મોટું છે. તદ્ભવ મરણમાં દેહ અને દેહ સાથે સંબંધિત વ્યવહાર પ્રાણો અને અન્ય સંયોગો એક સાથે છોડવા પડે છે. અજ્ઞાની જીવને પૈસા, મકાન, સ્વજન જેવા કોઈ દૂરવર્તી સંયોગ છોડવા પડે તોય ઘણું દુઃખ થાય છે. પણ તદ્ભવ મરણ સમયે દૂરવર્તી સંયોગો ઉપરાંત પાંચ ઇન્દ્રિયો, મન-વચન-કાય, શ્વાસોચ્છ્વાસ અને આયુ જેવા દશેય પ્રકારના નિકટવર્તી સંયોગી પ્રાણો પણ છોડવા પડે છે. બહારના સંયોગો અને અંદરના પ્રાણો સાથે એકત્વબુદ્ધિને કારણે અજ્ઞાની જીવ તેને છોડતાં ખૂબ જ દુઃખ અનુભવે છે. આ ઉપરાંત મરણ સમયની વેદના અને પીડા પણ ખૂબ જ દુઃખદાયક હોય છે. અજ્ઞાની જીવનું તદ્ભવ મરણ અગાઉ પ્રકરણ : ૩માં જોઇ ગયા મુજબ અવસન્ન, સશલ્ય, પલાય, વશાર્ત, બાલ કે બાલબાલ પ્રકારનું હોવાથી અત્યંત દુઃખરૂપ છે. પંચેન્દ્રિય તિર્યંચનું મરણ આવા જ હલકા પ્રકારનું હોવાથી તે ઘણાં દુઃખનું જ કારણ હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચો મરણ સમયે ખૂબ જ વેદના અને પીડા ભોગવીને અશુભ લેશ્યામાં દેહ ત્યાગ કરે છે. તેથી તેઓ નરક, વિકલેન્દ્રિય અને એકેન્દ્રિય જેવી હલકી ગતિમાં અવતરે છે. અજ્ઞાની પશુ મનુષ્ય કે દેવમાં અવતરે તેવું બહુ ઓછું બને છે. સિંહ જેવા ક્રૂર અને હિંસક પશુઓ અજ્ઞાની હોય તો નિયમથી નરકમાં જ અવતરે છે. નરકનો જન્મ ઘણો દુઃખદાયી છે. તેથી સિંહ જેવા પશુનું મરણ પણ ઘણું દુઃખદાયી જાણવું. કેમ કે, મરણનો અંતિમ સમય અને નવા જન્મના પ્રથમ સમય વચ્ચે કાળનો કોઇ ખાસ આંતરો હોતો નથી. તેથી મરણ અને જન્મ સમયની લેશ્યા અને પરિણામ લગભગ એક સરખા હોય છે. નરકાદિ હલકી ગતિનો જન્મ ઘણો કષ્ટદાયી છે તો તેમાં અવતરનાર પંચેન્દ્રિય પશુનું મરણ પણ ઘણું કષ્ટદાયી જ જાણવું.

કોઇપણ જીવ પોતાના આયુકર્મનો ઉદય પૂરો થતાં તદ્ભવ મરણ પામે છે પણ તે સમયે બહારની કોઇ બાબત પણ નિમિત્ત તરીકે હોય છે. પંચેન્દ્રિય તિર્યંચના મરણ સમયે સામાન્યપણે જે બાહ્ય કારણો હોય છે, તેના આધારે તેના તદ્ભવ મરણ અને તેથી થતા દુઃખને નીચેના પ્રકારે કહી શકાય છે.

૧. છેદન-ભેદનનાં કારણે થતાં તદ્ભવ મરણનું દુઃખ
૨. બંધનનાં કારણે થતાં તદ્ભવ મરણનું દુઃખ
૩. ભારવહનનાં કારણે થતાં તદ્ભવ મરણનું દુઃખ
૪. શરીરનાં રોગના કારણે થતાં તદ્ભવ મરણનું દુઃખ.

### ૧. છેદન-ભેદનનાં કારણે થતા તદ્ભવ મરણનું દુઃખ




**શરીરનાં અંગો છેદાઈ જવા, ભેદાઈ જવા, કપાઈ જવા વગેરેને કારણે થતાં મરણ અને તેની પીડાને છેદન-ભેદનનાં કારણે થતાં તદ્ભવ મરણનું દુઃખ કહે છે.**

પશુઓની કતલ થવી, શિકાર થવો વગેરેનો પણ છેદન-ભેદનમાં સમાવેશ થાય છે.

અજ્ઞાની પશુ છેદન-ભેદનની પીડાના કારણે આર્ત-રૌદ્ર ધ્યાનપૂર્વક અશુભલેશ્યામાં મરણ પામી ખૂબ જ દુઃખ અનુભવે છે. પંચેન્દ્રિય તિર્યંચની પોતાની કોઇ સુરક્ષા કે સલામતિ હોતી નથી. તેથી તે જુદા જુદા પ્રકારે છેદન-ભેદન વડે મરણને પામી અત્યંત દુઃખને અનુભવે છે.

કૂતરાં, ભૂંડ જેવા રખડતા પ્રાણીઓ વાહન નીચે કચડાઇ જઇ મૃત્યુ પામે છે. પક્ષીઓ વિમાન સાથે ભટકાઇને મરણ પામે છે. દેડકા, સસલા, વાંદરા જેવા પ્રાણીઓને પ્રયોગશાળાના પ્રયોગ માટે છેદી-ભેદીને રીબાઇ-રીબાઇને મારવામાં આવે છે. નિશાનબાજી શીખવા માટે ઊડતા પંખીને વીંધી નાંખવામાં આવે છે. કોડલીવર ઓઇલની દવા માટે કોડ માછલીને અને ચરબી માટે શીલ માછલીને મારી નાંખવામાં આવે છે. હાથીદાંત માટે હાથીની હત્યા થાય છે. ચામડા અને નખ માટે સિંહ, વાઘ જેવા પ્રાણીઓનો શિકાર કરવામાં આવે છે. મુલાયમ ફરના ચામડા માટે ગર્ભસ્થ પશુની પણ હત્યા થાય છે. કેટલાંક લોકો શોખને ખાતર પણ પશુઓનો શિકાર કરે છે.

કેટલાંક મોટા અને બળવાન પશુઓ નાના અને નિર્બળ પશુનો શિકાર કરે છે. સિંહ હરણને ફાડી ખાય છે. દેડકાને સાપ ગળી જાય છે, સાપને સમડી પકડી જાય છે. મોટી માછલી નાની માછલીને આરોગી જાય છે. બિલાડી ઊંદરને ખાઇ જાય છે.

માંસાહારી મનુષ્યો પોતાના ખોરાક માટે નિર્દયપણે પશુઓની કતલ કરે છે. આપણા ભારત જેવા શાકાહારી મનાતા આર્ય દેશમાં પણ પશુઓની મોટા પાયે કતલ કરતા મોટા મોટા યાંત્રિક કારખાનાઓ રાત દિવસ ચાલ્યા કરે છે. પૈસા કમાવા માટે ચલાવવામાં આવતા કતલખાના મહાપાપનું જ ઉપાર્જન કરાવે છે.

મનુષ્યને પોતાના અંગમાં થોડોક કાપો પડે તોપણ ઘણું દુઃખ થાય છે. જ્યારે આ પશુઓની કતલ કરી તેમને મારી નાંખવામાં આવે છે તે સમયની પીડા અને વેદનાને વાચા આપી શકાતી નથી. તેથી છેદન-ભેદનનાં કારણે થતા તદ્‌ભવ મરણથી પશુઓ અત્યંત દુઃખી જાણવા.




## ૨. બંધનના કારણે થતા તદ્‌ભવ મરણનું દુઃખ

પકડાઇ જવું, ફસાઇ જવું, પૂરાઇ જવું વગેરેને કારણે થતાં મરણ અને તેની પીડાને બંધનનાં કારણે થતાં તદ્‌ભવ મરણનું દુઃખ કહે છે.

માછીમારની જાળમાં સપડાતા માછલા અને પારધીના ફાંસલામાં ફસાતા પક્ષીઓના મરણને પણ બંધનને કારણે થતું તદ્‌ભવ મરણ કહેવાય છે.

બંધનનાં કારણે થતી પીડા અને વેદના ભયાનક હોય છે. બંધનમાં સપડાયેલું પ્રાણી તરફડી તરફડીને અત્યંત ત્રાસ પામે છે. અને અશુભલેશ્યામાં મરણ પામી અત્યંત દુઃખ પામે છે.

મનુષ્યો પોતાના મનોરંજન માટે પ્રાણીઓને બંધનમાં રાખી તેને રીબાવી રીબાવીને મારે છે. સરકસનાં ખેલ માટે સિંહ જેવા પ્રાણીઓને પકડી તેને ખેલ કરવાની તાલીમ આપવામાં આવે છે, પાંજરામાં પૂરવામાં આવે છે, પૂરું ખાવાનું આપવામાં આવતું નથી અને તેથી સિંહ જેવું હિંસક પ્રાણી પણ નરમ ઘેંસ જેવું થઇ જાય છે. અને અનેક યાતનાઓ ભોગવીને મરણ પામે છે. બુલ ફાઇટ(Bull Fight)ની રમત માટે આખલાને પકડીને તેની સાથે લડાઇ કરી છેવટે તેને મારી નાંખવામાં આવે છે. કેટલીક જગ્યાએ કૂકડાની લડાઇની રમત ગોઠવી તેને મારી નખાય છે. મદારી સર્પ અને નોળીયાને પકડીને તેની લડાઇ કરાવે છે.

માંસાહારી મનુષ્યો પોતાના ખોરાક માટે પંચેન્દ્રિય પ્રાણીઓને પકડે છે. માછીમારોની જાળમાં માછલાઓ સપડાઇ જાય છે અને તરફડી તરફડીને મરે છે. આપણી સરકારે માછીમારીને એક ઉદ્યોગનો દરજ્જો આપ્યો છે અને મત્સ્ય ઉદ્યોગના વિકાસ અને પ્રોત્સાહન માટે સરકારી ખાતું અને તેના પ્રધાન હોય છે. માછીમારીના મહાપાપના ધંધા માટે સરકારી સહાય મળે તે આ નિકૃષ્ટ કાળનો જ પ્રભાવ જાણવો. દૂધ માટે ગાય, ભેંસ જેવા પશુઓને પાળવામાં આવે છે પણ તેઓ વસૂકી જાય કે ઘરડા થઇ જાય એટલે તેને કતલખાને ધકેલી દેવામાં આવે છે. ઈંડા માટે મરઘી પાળવામાં આવે છે અને તે ઈંડા આપતી બંધ

થાય એટલે તેને પણ મારવામાં આવે છે. શિકારીઓ જાળ બિછાવીને ઊડતા પક્ષીઓને પકડે છે અને તેના માંસનો વેપાર કરે છે.

કેટલાંક મનુષ્યો પોતાના શોખ માટે પણ પ્રાણીઓને રાખે છે. પોપટ જેવા પક્ષીને પાંજરામાં પૂરવામાં આવે છે પણ તેની સંભાળ રાખવામાં આવતી નથી. તેથી તે આકુળ-વ્યાકુળ થઈને મરે છે. પ્રાણી સંગ્રહાલયમાં પ્રદર્શિત કરવા માટે પણ પ્રાણીઓને પકડીને પાંજરામાં પૂરવામાં આવે છે. આ પ્રાણીઓ પોતાની સ્વતંત્રતા અને સાહજિકતા ગુમાવી બેસે છે અને બંધિયાર દશામાં ત્રાસ પામીને મરણને શરણ થાય છે.

મનુષ્યને થોડા સમય માટે પણ બહારના બંધનમાં રાખવામાં આવે તો તે બંધનને સહન કરી શકતો નથી. પંચેન્દ્રિય પશુઓને મરણ થાય ત્યાં સુધીનું બંધન હોય છે. તેથી બંધનનાં મરણ અને તેની પીડાથી પંચેન્દ્રિય તિર્યંચોને મહાદુઃખી માનવા.

### ૩. ભારવહનના કારણે થતા તદ્‌ભવ મરણનું દુઃખ

પીઠ પર બોજો ઉપાડવાને ભારવહન કહે છે. ભારવહનનાં કારણે શક્તિ ક્ષીણ થઈ રીબાઈ રીબાઈને થતાં મરણ અને તેની પીડાને ભારવહનનાં કારણે થતાં તદ્‌ભવ મરણનું દુઃખ કહે છે.




ઘાંચીનો બળદ, ઘોડાગાડી, ઊંટગાડી, બળદગાડું, ગધેડા, ખચ્ચર જેવા પ્રાણી ઉપર લાદવામાં આવતો બોજો વગેરે ભારવહનનાં ઉદાહરણો છે.

તિરોભાવ સહિતના હોય તે તિર્યંચ તરીકે ઓળખાય છે. તિરોભાવનો એક અર્થ ભાર કે બોજો ઉઠાવવાને લાયક હોય તે છે. હાથી, ઘોડા, ગધેડા, ખચ્ચર, બળદ, ઊંટ જેવા કેટલાંક તિર્યંચ પશુઓ બોજો ઉઠાવવાની ક્ષમતા ધરાવે છે. મનુષ્યો પોતાના લાભ માટે પશુઓની આ ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ કરે છે. આ પશુઓ બળવાન હોવા છતાં મનુષ્યો પાસે લાચાર અને અસમર્થ છે. મનુષ્યો ભાર ઉઠાવી શકતા પશુઓ પાસે ભારે બોજો ઉપડાવે છે. તેઓને ચલાવવા માટે ખૂબ ફટકાઓ મારે છે અને તેઓ નીચોવાઈ જાય એવું ભારે કામ કરાવે છે. તેમને પૂરતું ખાવાનું આપવામાં આવતું નથી અને તેમની કોઈ સારસંભાળ પણ રાખવામાં આવતી નથી. તેથી આ પશુઓ ધીમે ધીમે શક્તિહીન થઈ રીબાઈ રીબાઈને મરે છે. અને કેટલાંક કામ ન આપી શકતા પશુઓને કતલખાને પણ પહોંચાડી દેવામાં આવે છે.

મનુષ્યને ક્યારેક કાંઈક બોજો ઉપાડવો પડે તો તે હેરાન-પરેશાન થઈ જાય છે. અને 'રોક્કળ કરી મૂકે છે. ભારવહન કરતા મૂંગા પશુઓને ફરિયાદ કરવાનું કોઈ ઠેકાણું નથી અને તેઓ અત્યંત ત્રાસ વેઠીને રીબાઈ રીબાઈને મરે છે. આ કારણે થતાં મરણ અને તેની પીડાથી પંચેન્દ્રિય તિર્યંચો ઘણાં દુઃખી જાણવા.

### ૪. શરીરના રોગને કારણે થતા તદ્‌ભવ મરણનું દુઃખ

શરીરની તંદુરસ્તીના બગાડ, કોઈ વિકાર કે વ્યાધિને કારણે થતા મરણ અને તેની પીડાને શરીરના રોગને કારણે થતા તદ્‌ભવ મરણનું દુઃખ કહે છે.



પશુઓમાં શીતળા, કોઢ, ગળસૂંઢો, આફરો, ખરવામોવા જેના અનેક રોગો સામાન્યપણે હોય છે.

શરીરને રોગોનું જ ઘર માનવામાં આવ્યું છે. મનુષ્યના શરીરમાં સાડા છ કરોડ જેટલા રોગો સત્તામાં હોય છે. તે પૈકી કોઈ ને કોઈ રોગ ગમે ત્યારે ઉદયમાં આવતો હોય છે. પશુનાં શરીરમાં મનુષ્ય કરતાંય અધિક રોગો સત્તામાં હોય છે. કેટલાક પશુઓ જન્મથી જ રોગિષ્ટ હોય છે અને કેટલાંકને જન્મ પછી કોઈ ને કોઈ રોગ લાગુ પડી જાય છે. પશુઓનાં રોગ માટે તેની ખાસ કોઈ સારવાર કે ઉપચાર હોતો નથી. તેથી રોગગ્રસ્ત પશુ ભારે પીડાપૂર્વક તરફડી તરફડીને મૃત્યુ પામે છે. મનુષ્યોના મોતનું કારણ મોટે ભાગે રોગ જ હોય છે. તેમ પશુનાં મરણનું કારણ પણ તેનો રોગ હોય છે. રોગની ભીંસ અને વેદનાના કારણે આર્તધ્યાનની અશુભલેશ્યામાં મરણ પામી પંચેન્દ્રિય તિર્યંચો મહાદુઃખ પામે છે.

મનુષ્યને કોઇ મામૂલી રોગ હોય તોપણ તે તેને સહન કરી શકતો નથી. રોગને મટાડવાના સઘળાં ઉપાય કરી છૂટે છે અને રોગ ન મટે ત્યાં સુધી દુઃખી દુઃખી રહે છે. પશુઓને ભયંકર રોગ હોય છે. તેના રોગને મટાડવાનો કોઇ ઉપાય બનતો નથી અને રોગની વેદનાથી પીડાઇને પોતાના પ્રાણને ત્યજે છે. તેથી પંચેન્દ્રિય તિર્યંચો શરીરના રોગના કારણે થતાં તદ્દ્ભવ મરણથી પણ મહાદુઃખી માનવા.

છેદન-ભેદન, ભારવહન, બંધન કે શરીરનાં રોગ જેવા કારણોસર થતાં તદ્દ્ભવ મરણને કારણે પંચેન્દ્રિય તિર્યંચ મહાદુઃખી હોય છે. તદ્દ્ભવ મરણ એક ભવમાં એકવાર હોય છે પણ ભાવમરણ તો કાયમ હોય છે. આ ભાવમરણનાં દુઃખની ચર્ચા હવે કરવામાં આવે છે.

## ૨. ભાવમરણથી થતું દુઃખ

**આત્માના સ્વભાવની ઉત્પત્તિ ન થવી અને તેના બદલે તેના વિભાવની ઉત્પત્તિ થવી તે આત્માનું ભાવમરણ છે. આત્માના વિભાવને કારણે થતું દુઃખ એ ભાવમરણથી થતું દુઃખ છે.**

ભાવમરણનાં કારણે આત્માના સ્વભાવનો ઘાત થાય છે અને તેથી આત્માના સ્વભાવને બદલે વિભાવની પ્રગટતા થાય છે. આત્માનો વિભાવ જ તેનું ભાવમરણ છે અને આ વિભાવને કારણે થતી આકૂળતા એ જ ભાવમરણથી થતું દુઃખ છે. આત્માનો સ્વભાવ જ્ઞાન અને આનંદ છે. આત્માના આ સ્વભાવની યથાર્થ ઓળખાણ અને તેનું શ્રદ્ધાન હોય તેને તેનો આશ્રય સંભવે છે. સ્વભાવના આશ્રયથી સ્વાભાવિક દશા અને તેથી થતા સુખની પ્રગટતા હોય છે. અજ્ઞાનીને પોતાના સ્વભાવની ઓળખાણ અને તેનું શ્રદ્ધાન હોતું નથી. તેથી તેને તેનો આશ્રય સંભવતો નથી. તેથી તેને આત્માના સ્વભાવ અને તેથી થતા સુખને બદલે આત્માનો વિભાવ અને તેથી થતા દુઃખની પ્રગટતા હોય છે. જેને આત્માનું ભાવમરણનાં કારણે થતું દુઃખ કહે છે. અજ્ઞાનીને આવું ભાવમરણ અને તેથી થતું દુઃખ નિરંતર ચાલુ જ હોય છે.

સંસારી જીવનું સાચું મરણ તેનું ભાવમરણ છે. તદ્દ્ભવ મરણ તો એક ભવમાં એક વખત આવે છે અને તેનું દુઃખ પણ તે સમયે એકવાર જ હોય છે. પણ અજ્ઞાનીને ભાવમરણ તો કાયમ માટે ચાલુ જ હોય છે અને તેનું દુઃખ પણ કાયમનું જ હોય છે. તદ્દ્ભવ મરણ સમયે થતું દુઃખ પણ વાસ્તવમાં તે સમયના ભાવમરણના કારણે જ હોય છે. અરિહંતને ભાવમરણનો અભાવ હોવાથી તેનું નિર્વાણરૂપ તદ્દ્ભવ મરણ એ કોઈ દુઃખનું કારણ હોતું નથી. ભાવમરણનું મૂળ કારણ આત્માનું મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વને ટાળી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવામાં આવે તો ભાવમરણ અને તેથી થતા દુઃખને મટાડવાનો ઉપાય બને છે. તદ્દ્ભવ મરણ આયુકર્મને આધીન હોવાથી તેને ટાળવાનો કોઇ ઉપાય નથી. પણ ભાવમરણ આત્માના મિથ્યાત્વને કારણે હોવાથી તેને ટાળવાનો ઉપાય છે અને આ ઉપાય મનુષ્ય પર્યાયમાં સંભવે છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર જ આત્માનું ભાવમરણ હોવાથી ભાવમરણ અને તેથી થતું દુઃખ નીચેના ત્રણ પ્રકારે કહી શકાય છે–

૧. મિથ્યાદર્શનને કારણે થતાં ભાવમરણનું દુઃખ
૨. મિથ્યાજ્ઞાનને કારણે થતાં ભાવમરણનું દુઃખ
૩. મિથ્યાચારિત્રને કારણે થતાં ભાવમરણનું દુઃખ

### ૧. મિથ્યાદર્શનને કારણે થતાં ભાવમરણનું દુઃખ



**આત્માના શ્રદ્ધાન ગુણની વિપરીતતાને મિથ્યાદર્શન કહે છે. મિથ્યાદર્શનના કારણે આત્માના શ્રદ્ધાનાદિ સ્વભાવનો ઘાત થઈ પ્રગટ થતાં વિભાવને મિથ્યાદર્શનનાં કારણે થતું ભાવમરણ કહે છે. આ ભાવમરણનાં કારણે થતી આકૂળતાને મિથ્યાદર્શનનાં કારણે થતાં ભાવમરણનું દુઃખ કહે છે.**


મિથ્યાદર્શનનાં કારણે જીવાદિ પ્રયોજનભૂત તત્ત્વોનું અશ્રદ્ધાન હોય છે. તેથી મિથ્યાદર્શનને વિપરીત અભિનિવેશ કે ખોટી માન્યતા પણ કહેવાય છે. દેહમાં આત્મબુદ્ધિ, પરપદાર્થનું કર્તૃત્વ, પર્યાયદષ્ટિ, પુણ્યમાં ઉપાદેયબુદ્ધિ વગેરે જેવી ખોટી માન્યતા તે મિથ્યાદર્શનનું સ્વરૂપ છે.

આત્માના શ્રદ્ધાન ગુણ સાથે અન્ય અનંતગુણો સંબંધિત છે. શ્રદ્ધાન ગુણની પ્રગટતા એટલે

સમ્યગ્દર્શનનાં કારણે આત્માના અનંતગુણોની આંશિક પ્રગટતા હોય છે અને શ્રદ્ધાન ગુણની અપ્રગટતા એટલે મિથ્યાદર્શનનાં કારણે આત્માના અનંતગુણોની અપ્રગટતા હોય છે. મિથ્યાદર્શનનાં કારણે આત્માના શ્રદ્ધાનાદિ અનંત ગુણોનો ઘાત થઇ તેની સ્વભાવપણે પ્રગટતા થતી નથી અને વિકૃતિ થવાથી તેની વિભાવપણે પ્રગટતા થાય છે. આ વિભાવ જ ભાવમરણ અને દુઃખરૂપ છે.

પંચેન્દ્રિય તિર્યંચને મિથ્યાત્વ દશામાં મહામિથ્યાત્વ હોય છે. જે તેના મહાદુઃખનું જ કારણ છે. તેથી પશુના જીવો મિથ્યાદર્શનનાં કારણે થતા ભાવમરણથી મહાદુઃખી જાણવા.

## ૨. મિથ્યાજ્ઞાનને કારણે થતાં ભાવમરણનું દુઃખ




**પારમાર્થિક બાબતમાં આત્માના અવિવેકી જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહે છે. મિથ્યાજ્ઞાનને કારણે થતા આત્માના જ્ઞાનાદિ સ્વભાવનો ઘાત થઈ પ્રગટ થતા વિભાવને મિથ્યાજ્ઞાનને કારણે થતું ભાવમરણ કહે છે. આ ભાવમરણનાં કારણે થતી પીડાને મિથ્યાજ્ઞાનને કારણે થતાં ભાવમરણનું દુઃખ કહે છે.**

મિથ્યાજ્ઞાનને કારણે જીવાદિ પ્રયોજનભૂત તત્ત્વોનું અજાણપણું હોય છે. તેથી મિથ્યાજ્ઞાનને અજ્ઞાન કે મૂઢતા પણ કહેવાય છે. સંશય, વિપર્યય અને અનધ્યવસાય જેવા જ્ઞાન સંબંધી દોષો તે મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ છે.

આત્માનું જ્ઞાન અને સુખ પરસ્પર સંબંધિત છે. મિથ્યાજ્ઞાન હોય ત્યાં મિથ્યાસુખ એટલે કે પારમાર્થિક દુઃખ હોય છે અને સમ્યક્જ્ઞાન હોય ત્યાં સમ્યક્ સુખ એટલે કે પારમાર્થિક સુખ હોય છે. મિથ્યાજ્ઞાનનાં કારણે આત્માના જ્ઞાન સ્વભાવની વિકૃતિ થઇને તેની વિભાવપણે પ્રગટતા થાય છે. આ વિભાવ જ આત્માનું ભાવમરણ અને દુઃખ છે.

પંચેન્દ્રિય તિર્યંચને અજ્ઞાન દશામાં ઘણું મોટું અજ્ઞાન હોય છે જે તેના ઘણાં મોટા દુઃખનું જ કારણ છે. તેથી અજ્ઞાની પશુઓ મિથ્યાજ્ઞાનને કારણે થતા ભાવમરણથી ઘણાં દુઃખી જાણવા.

## ૩. મિથ્યાચારિત્રને કારણે થતાં ભાવમરણનું દુઃખ



**મિથ્યાજ્ઞાન-શ્રદ્ધાનપૂર્વક થતા આત્માના ચિદ્‌વિકારને મિથ્યાચારિત્ર કહે છે. મિથ્યાચારિત્રને કારણે આત્માના સ્વચારિત્રરૂપ સ્વભાવનો ઘાત થઈ પ્રગટ થતાં પરચારિત્રરૂપ વિભાવને મિથ્યાચારિત્રને કારણે થતું ભાવમરણ કહે છે. આ ભાવમરણનાં કારણે થતી વ્યાકૂળતાને મિથ્યાચારિત્રને કારણે થતાં ભાવમરણનું દુઃખ કહે છે.**

મિથ્યાચારિત્રને કારણે પોતાના શુદ્ધ જીવતત્ત્વમાં સ્થિરતા, રમણતા, લીનતા કે એકાગ્રતાનો અભાવ હોય છે. તેથી મિથ્યાચારિત્રને મિથ્યા આચરણ કે રાગભાવ પણ કહે છે. ક્રોધાદિ જેવા કષાયો તે મિથ્યાચારિત્રનું સ્વરૂપ છે.

આત્માનું ચારિત્ર તે જ ધર્મ છે, મોક્ષમાર્ગ છે અને આત્માનું પારમાર્થિક સુખ છે. પણ આ માટે તે ચારિત્ર સમ્યક્ હોવું જરૂરી છે. જો ચારિત્ર મિથ્યા હોય તો તે અધર્મ, બંધમાર્ગ અને આત્માનું દુઃખ છે. મિથ્યાચારિત્રને કારણે આત્માના ચારિત્રાદિ ગુણોનો ઘાત થઇ આત્માના વીતરાગભાવરૂપ સ્વભાવની પ્રગટતા થતી નથી અને તેના બદલે રાગભાવરૂપ વિભાવની પ્રગટતા થાય છે. આ વિભાવ જ ભાવમરણ અને દુઃખ છે.

પંચેન્દ્રિય તિર્યંચને મિથ્યાચરિત્રની દશામાં સઘળું પરચારિત્રરૂપ રાગભાવ હોય છે. જે તેના સઘળાં દુઃખનું જ કારણ છે. તેથી પંચેન્દ્રિય પશુઓને મિથ્યાચારિત્રને કારણે થતા ભાવમરણને કારણે સઘળાં પ્રકારે દુઃખી જાણવા.

## ઉપસંહાર

સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન એ પાંચેય ઇન્દ્રિયો ધરાવતા પશુને પંચેન્દ્રિય તિર્યંચ કહે છે. પંચેન્દ્રિય તિર્યંચમાં મન રહિતનાં હોય તેને અસંજ્ઞી અને મન સહિતનાં હોય તેને સંજ્ઞી કહે છે. અસંજ્ઞી અને સંજ્ઞી એ બંને પ્રકારના પશુ પર્યાપ્તક અને અપર્યાપ્તક એમ બંને પ્રકારના હોય છે.

મિથ્યાદષ્ટિ માયાચારી જીવ બહુધા પશુ પર્યાયમાં અવતરે છે. અને પશુ પર્યાયમાં આર્ત-રૌદ્ર ધ્યાનપૂર્વક મરણ પામીને નારકી, વિકલેન્દ્રિય અને એકેન્દ્રિય જેવી નીચ અવસ્થાને ત્રાસ થાય છે. તે બાબત તેમના મરણનાં મહાદુઃખને દર્શાવે છે. જગતમાં મરણનું દુઃખ સૌથી મોટું માનવામાં આવે છે. જીવનું સાચું મરણ તેનું ભાવમરણ છે અને તે કાયમ માટે હોય છે. તદ્ભવ મરણ એક ભવમાં એક વાર આવે છે પણ તે અત્યંત દુઃખરૂપ છે. પંચેન્દ્રિય તિર્યંચ છેદન-ભેદન, ભૂખ-તરસ, ભારવહન, ઠંડી-ગરમી, હણાવું, બંધાવવું, રોગ વગેરેના કારણે થતી પીડાઓ સહન કરતો રીબાઇ રીબાઇને મરે છે. તીવ્ર કષાયની અશુભ લેશ્યામાં અત્યંત દુઃખદાયક મરણથી પણ તેમના દુઃખનો અંત નથી. આવા મરણ અને તેના દુઃખોથી બચવાનો ઉપાય મનુષ્ય જીવનમાં સંભવે છે. તેથી વર્તમાન મનુષ્ય જીવનનો સદુપયોગ આત્માની સાચી સમજણ કરીને સમ્યગ્દર્શનની સાધનામાં કરવો જોઇએ. આવો જ કાંઇક ગર્ભિત સંદેશો આપતા પંડિત દૌલતરામજી નીચેના શબ્દોમાં પંચેન્દ્રિય તિર્યંચના મરણના દુઃખનું વર્ણન કરે છે—

(છંદ : ચોપાઇ, માત્રા ૧૫)

**कबहूं आप भयो बलहीन, सबलनि करि खायो अतिदीन ।**
**छेदन भेदन भूख पियास, भार-वहन हिम आतप त्रास ।।**

**वध-बन्धन आदिक दुःख घने, कोटि जीभतैं जात न भनै ।**
**अति संक्लेश भाव तैं मर्यो, घोर श्वभ्र सागरमें पर्यो ।।**

ભાવાર્થ : જ્યારે આ જીવ તિર્યંચ ગતિનો પંચેન્દ્રિય પશુ થયો તો પોતે નિર્બળ હોવાથી બીજા સબળ પ્રાણી દ્વારા ખવાઇ ગયો. સબળ હોય તોપણ છેદન, ભેદન, ભૂખ, તરસ, ભારવહન, ઠંડી, ગરમી, હણાવું, બંધાવવું જેવા અનેક ત્રાસ અને દુઃખ સહન કરતો અતિ સંકલેશ પરિણામપૂર્વક મરણ પામી ભયાનક નરકરૂપી સાગરમાં જઈ પડ્યો. પંચેન્દ્રિય પશુનાં આવા સંકલેશ-મરણનાં દુઃખ કરોડો જીભોથી પણ કહી શકાતા નથી. (તેથી વર્તમાન મનુષ્ય જીવનનો સદુપયોગ આવા દુઃખ ટળે તે માટે કરવો) (છ ઢાળા : ઢાળ ૧, ગાથા ૭,૮)



## ટિપ્પણ

૧ અવનતિ પડતી, ઉન્નતિનો વિરોધી શબ્દ. ૨ રોકકળ રોવું અને કકળવું તે.

## સંદર્ભ સાહિત્ય


પ્રાસ્તાવિક : ૧. છ ઢાળા: ઢાળ૧ : ગાથા૭; ● ૨. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા: ગાથા૨૮૬થી ૨૯૦.

પંચેન્દ્રિય તિર્યંચ કોને કહે છે ? ૧. સર્વાર્થસિદ્ધિ : ૪/૧૯/૨૫૦/૧૨; ● ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૩/૭/ઉત્થાનિકા/ ૧૬૯/૬; ૪/૨૭/૩/૨૪૫; ● ૩. ધવલ : ૧૩/૫,૫,૧૪૦/૩૯૨/૨; ૧/૧,૧,૨૪/ગાથા૧૨૬/૨૦૨; ● ૪. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા૧૪૮.

પંચેન્દ્રિય તિર્યંચના પ્રકાર ૧. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા૧૨૯, ૧૩૦; ● ૨. સર્વાર્થસિદ્ધિ : ૨/૩૧/૧૮૭/૫.

પંચેન્દ્રિય તિર્યંચનું સ્વરૂપ ૧. ધવલ : ७/૨, ७, ૧૯/૩७૯/૩; ● ૨. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૧૪૦, ૧૪૧, ૧૪૩, ૧૪૪; ● ૩. મૂલાચાર : ગાથા ૧૦૮૪ થી ૧૦૮૬; ૧૧૦૫ થી ૧૧૧૧; ● ૪. વરાંગચરિત : ૬/૩૨ થી ૩૭. ● ૫. હરિવંશપુરાણ : ૫/૬૩૦; ● ૬. તિલોયપણ્ણતિ : ૫/૨૮૧ થી ૨૯૫; ● ૭. તત્ત્વાર્થરાજવાર્તિક : ૩/૩૯/૩-૫/૨૦૯; ● ૮. ત્રિલોકસાર : ગાથા૩૨૯, ૩૩૦; ● ૯. જૈ. સિ. કોશ : ભાગ૧ : અવગાહન : ૧/૪-૫, પાનું૧૭૯; આયુ : ७/૨-૩, પાનું ૨૬૩, ૨૬૪.

પંચેન્દ્રિય તિર્યંચના મરણના દુઃખ ૧. કવિશ્રી મંગતરાયકૃત અશરણભાવના; ● ૨. નિયમસાર : ગાથા ૧૦૧ની ટીકા; ● ૩. ભગવતી આરાધના : ગાથા ૧૫૮૯ થી ૧૫૯૬ ● ૪. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૩૪૧; ● ૫. મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર ૩, પાનું ७૧; ● ૬. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૪૦ થી ૪૪; ● ૭. વરાંગચરિત : ૬/૧૫થી ૨૪; ● ૮. વસુનંદીશ્રાવકાચાર : ગાથા૧૮૦, ૧૮૧

ઉપસંહાર ૧. છ ઢાળા : ઢાળ૧ : ગાથા૭, ૮.

## હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.

૧. સંસારી જીવનું અનાદિ અજ્ઞાન ટાળવા માટે કઈ પર્યાય શ્રેષ્ઠ છે ? ૧. ☐
A. મનુષ્ય B. દેવ C. નારકી D. પશુ

૨. શા માટે તિર્યંચ પશુના શરીર આડા હોય છે ? ૨. ☐
A. તિર્યંક્ લોકમાં રહેવાના કારણે
B. આડોડાઈના ફળરૂપે
C. નીચપણાના પરિણામે
D. બોજો ઉઠાવી શકે તે માટે

૩. અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો જન્મ ક્યા પ્રકારે હોય છે ? ૩. ☐
A. જરાયુજ B. અંડજ C. સંમૂર્છન D.પોતજ

૪. રહેઠાણની અપેક્ષાએ ચામાચીડિયું ક્યા પ્રકારનું પ્રાણી છે ? ૪. ☐
A. ઊભયચર B. સ્થળચર
C. જળચર D. નભચર

૫. સ્વયંભૂરમણ સમુદ્રની મધ્યમાં થતાં મહામત્સયની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી હોય છે ? ૫. ☐
A. આઠ ધનુષ B. ત્રણ કોસ
C. એક યોજન D. એક હજાર યોજન

૬. પંચેન્દ્રિય તિર્યંચનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું હોય છે ? ૬. ☐
A. એક કરોડ પૂર્વ B. એક પલ્ય
C. બે પલ્ય D. ત્રણ પલ્ય

૭. ક્રૂર અને હિંસક પશુઓ નિયમથી શેમાં અવતરે છે ? ૭. ☐
A. નિગોદ B. વિકલેન્દ્રિય C. પશુ D. નરક

૮. પશુ પર્યાયમાં અવતરવાનું કારણ શું ? ૮. ☐
A. હિંસાચાર B. દુરાચાર C. માયાચાર D. સદાચાર

૯. આ સંસારમાં શરણરૂપ કોણ છે ? ૯. ☐
A. સ્ત્રી–પુત્ર–પરિવાર B. વીતરાગી દેવ–ગુરુ–ધર્મ
C. ચક્રરત્ન–મણિરત્ન–દંડરત્ન D. મંત્ર–યંત્ર–તંત્ર

૧૦. સંસારી જીવનું મોટામાં મોટું દુઃખ ક્યું ? ૧૦. ☐
A. મરણ B. નિર્ધનતા C. બંધન D. રોગ

૧૧. ક્યા જીવે કઈ પશુની પર્યાયમાં સમ્યગ્દર્શન સાધ્યું? ૧૧. ☐
A. મહાવીરે સિંહની પર્યાયમાં
B. હનુમાને વાનરની પર્યાયમાં
C. જટાયુએ પક્ષીની પર્યાયમાં
D. જાંબુવને રીંછની પર્યાયમાં

૧૨. કતલખાના ચલાવવાથી શું થાય ? ૧૨. ☐
A. પૈસાની પુષ્કળ કમાણી
B. મહાપાપનું ઉપાર્જન
C. અનાજની તંગીનો ઉપાય
D. વૃદ્ધ અને અશક્ત પશુઓની દયા

૧૩. મનુષ્યોના ત્રાસ સામે મૂંગા પશુઓ પોતાની ફરિયાદ કોને કરી શકે ? ૧૩. ☐
A. પ્રાણીદયા પળાવતી સામાજીક સંસ્થાને
B. સરકારના પશુ સંરક્ષણ વિભાગને
C. કોઈને કરી શકે નહિ
D. ભગવાનને

૧૪. પશુના શરીરમાં કેટલા પ્રકારના રોગો સત્તામાં હોય છે ? ૧૪. ☐
A. અનંતાનંત B. અનંત C. અસંખ્ય
D. સાડા છ કરોડથી વધુ

૧૫. અજ્ઞાની જીવને ભાવમરણનું દુઃખ ક્યારે હોય છે? ૧૫. ☐
A. જન્મ સમયે B. મરણ સમયે
C. જન્મ અને મરણ વચ્ચેના ગાળામાં D. કાયમ

૧૬. સંસારી જીવનું સાચું દુઃખ ક્યા પ્રકારના મરણનું? તદ્ભવ મરણ કે ભાવમરણ ? ૧૬. ☐
A. તદ્ભવમરણ કે ભાવમરણ બેમાંથી એકેય નથી
B. તદ્ભવમરણ અને ભાવમરણ બંને
C. તદ્ભવમરણ
D. ભાવમરણ

૧૭. ક્યા જીવને તેનું તદ્ભવ મરણ દુઃખનું કારણ નથી ? ૧૭. ☐
A. કોઈપણ જીવને B. જ્ઞાનીને
C. મુનિને D. અરિહંતને

૧૮. મિથ્યાદર્શનને બીજા ક્યા નામે કહી શકાય છે ? ૧૮. ☐
A. અજ્ઞાન B. મૂઢતા
C. વિપરીત અભિનિવેશ D. મિથ્યા આચરણ

૧૯. મિથ્યાચારિત્રનું સ્વરૂપ શું છે ? ૧૯. ☐
A. બંધમાર્ગ B. ક્રોધાદિ કષાય
C. સ્વરૂપ સ્થિરતાનો અભાવ D. આત્માનું દુઃખ

૨૦. મનુષ્ય જીવનનો સદુપયોગ શેમાં છે ? ૨૦. ☐
A. આત્માની સાચી સમજણ વડે સમ્યગ્દર્શનની સાધનામાં
B. ખૂબ જ ભણીગણીને પુષ્કળ પૈસા કમાવવામાં
C. સમાજની સેવા કરીને સામાજીક ઋણ અદા કરવામાં
D. સદાચાર અને સંયમ વડે પુણ્યોપાર્જન કરવામાં

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નોનોના એક કે બે વાક્યમાં ટૂંકા જવાબ આપો.**

૧. પશુની પર્યાયમાં આત્મહિત સાધનારો કઇ પ્રકારની યોગ્યતા ધરાવનારો હોય છે ?
૨. પંચેન્દ્રિય તિર્યંચમાં ક્યા પ્રકારના દુઃખની મુખ્યતા છે ?
૩. પંચેન્દ્રિય તિર્યંચના મુખ્યત્વે કેટલા પ્રકાર છે ? ક્યા ક્યા ?
૪. પંચેન્દ્રિય તિર્યંચના રહેઠાણની અપેક્ષાએ કેટલા પ્રકાર છે? ક્યા ક્યા ?
૫. સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચ કોને કહે છે ? તેના બે નામ આપો.
૬. જળચર પંચેન્દ્રિય તિર્યંચ કોને કહે છે ? તેના બે નામ આપો.
૭. નભચર પંચેન્દ્રિય તિર્યંચ કોને કહે છે ? તેના બે નામ આપો.
૮. પંચેન્દ્રિય તિર્યંચની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના કોની કેટલી હોય છે તે જણાવો.
૯. પંચેન્દ્રિય તિર્યંચમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય ક્યા જીવનું કેટલું હોય છે તે જણાવો.
૧૦. પંચેન્દ્રિય પશુની સંસારની કઇ ગતિ કહેવાય છે ?
૧૧. પંચેન્દ્રિય પશુને ત્રસ શા માટે કહેવાય છે ?
૧૨. પંચેન્દ્રિય તિર્યંચમાં ક્યા પ્રકારનું લિંગ જોવા મળે છે ?
૧૩. કવિશ્રી મંગતરાયના જણાવ્યા મુજબ અજ્ઞાની પ્રાણી કોને પોતાનું શરણ માની તેની પાછળ પોતાનું જીવન વ્યર્થ વેડફી નાખે છે ?
૧૪. સંસારી જીવના મરણના મુખ્ય બે પ્રકાર ક્યા છે ?
૧૫. તદ્દભવ મરણ કોને કહે છે ?
૧૬. ભાવમરણ કોને કહે છે ?
૧૭. ભાવમરણ શા કારણે બને છે ?
૧૮. ભાવમરણ શા માટે દુઃખનું કારણ બને છે ?
૧૯. ભાવમરણ અને તેનું દુઃખ મટાડવા શું કરવું જોઇએ ?
૨૦. ભાવમરણથી થતા દુઃખના પ્રકાર જણાવો ?
૨૧. સંસારી જીવનું મિથ્યાદર્શન કોને કહે છે ?
૨૨. સંસારી જીવનું મિથ્યાદર્શનને કારણે થતા ભાવમરણ અને તેનું દુઃખ કોને કહે છે ?
૨૩. મિથ્યાદર્શનનાં કારણે શું હોય છે ?
૨૪. સંસારી જીવનું મિથ્યાજ્ઞાન કોને કહે છે ?
૨૫. સંસારી જીવને મિથ્યાજ્ઞાનને કારણે થતા ભાવમરણ અને તેનું દુઃખ કોને કહે છે ?
૨૬. મિથ્યાજ્ઞાનનાં કારણે શું હોય છે ?
૨૭. સંસારી જીવનું મિથ્યાચારિત્ર કોને કહે છે ?
૨૮. સંસારી જીવને મિથ્યાચારિત્રનાં કારણે થતા ભાવમરણ અને તેનું દુઃખ કોને કહે છે ?
૨૯. મિથ્યાચારિત્રને કારણે શું હોય છે ?

**નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

૧. પંચેન્દ્રિય તિર્યંચ અવસ્થામાં પૂર્વની મનુષ્ય પર્યાયમાં આત્મહિતના દૃઢ સંસ્કાર પ્રાપ્ત કર્યા વિના મિથ્યાત્વ ટાળવાનો ઉપાય કેમ સંભવતો નથી ?
૨. પંચેન્દ્રિય તિર્યંચ કોને કહે છે ?
૩. તિર્યંક્‌લોક કોને કહે છે ?
૪. અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની સમજૂતી આપો.
૫. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની સમજૂતી આપો.
૬. પંચેન્દ્રિય તિર્યંચનું તિર્યક્‌લોકનું અવસ્થાન જણાવો.
૭. પંચેન્દ્રિય તિર્યંચને કેટલી પર્યાપ્તિ હોય છે ? તે પર્યાપ્તિનું સ્વરૂપ જણાવો.
૮. પંચેન્દ્રિય તિર્યંચના ક્ષુદ્રભવ વિષે માહિતી આપો.
૯. પંચેન્દ્રિય તિર્યંચના જન્મના પ્રકારની માહિતી આપો.
૧૦. પંચેન્દ્રિય તિર્યંચના પ્રાણ વિષેની માહિતી આપો.
૧૧. પંચેન્દ્રિય તિર્યંચની ગતિ–આગતિ જણાવો.
૧૨. પંચેન્દ્રિય તિર્યંચમાં અવતરવાનું કારણ જણાવો.
૧૩. પંચેન્દ્રિય તિર્યંચમાં સમ્યક્‌ત્વનો અધિકારી કોણ છે ?
૧૪. તદ્દભવ મરણના સમયે શું શું છોડવું પડે છે ?
૧૫. મરણનાં અંતિમ સમય અને પછીના જન્મના પ્રથમ સમયની લેશ્યા વચ્ચે શો ફેર હોય છે ? શા માટે ?
૧૬. નરકાદિ નીચ ગતિમાં અવતરનારનું મરણ શા માટે અત્યંત કષ્ટદાયી હોય છે ?
૧૭. પંચેન્દ્રિય તિર્યંચના તદ્દભવ મરણ સમયે સામાન્યપણે ક્યા બાહ્ય કારણો હોય છે ?
૧૮. પંચેન્દ્રિય તિર્યંચનું છેદન–ભેદનના કારણે થતા તદ્દભવ મરણનું દુઃખ કોને કહે છે ?
૧૯. પંચેન્દ્રિય પશુના મરણનાં કારણરૂપ છેદન–ભેદન ક્યા પ્રકારે જોવા મળે છે ?
૨૦. પંચેન્દ્રિય તિર્યંચનું બંધનનાં કારણે થતા તદ્દભવ મરણનું દુઃખ કોને કહે છે ?
૨૧. પંચેન્દ્રિય તિર્યંચમાં મરણનાં કારણભૂત બંધન ક્યા પ્રકારે જોવા મળે છે ?
૨૨. પંચેન્દ્રિય તિર્યંચનું ભારવહનનાં કારણે થતા તદ્દભવ મરણનું દુઃખ કોને કહે છે ?
૨૩. પંચેન્દ્રિય તિર્યંચમાં મરણનાં કારણભૂત ભારવહન ક્યા પ્રકારે જોવા મળે છે ?
૨૪. પંચેન્દ્રિય તિર્યંચનું શરીરનાં રોગના કારણે થતા તદ્દભવ મરણનું દુઃખ કોને કહે છે ?
૨૫. પંચેન્દ્રિય તિર્યંચના મરણનાં કારણભૂત શરીરના રોગ ક્યા પ્રકારે જોવા મળે છે.
૨૬. તદ્દભવ મરણ અને ભાવમરણ વચ્ચેનો તફાવત જણાવો.
૨૭. મિથ્યાદર્શનનું સ્વરૂપ જણાવો.
૨૮. સંસારી જીવનું મિથ્યાદર્શન તેને કઇ રીતે દુઃખરૂપ હોય છે?
૨૯. મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ જણાવો ?
૩૦. સંસારી જીવનું મિથ્યાજ્ઞાન તેને કઇ રીતે દુઃખરૂપ હોય છે ?
૩૧. મિથ્યાચારિત્રનું સ્વરૂપ જણાવો.
૩૨. સંસારી જીવનું મિથ્યાચારિત્ર તેને કઇ રીતે દુઃખરૂપ હોય છે?
૩૩. આત્માના મિથ્યાચારિત્ર અને સમ્યક્‌ચારિત્ર વચ્ચેનો તફાવત જણાવો.

## વિદ્યાર્થીઓની જૂથ પ્રવૃત્તિ

૧. તદ્દભવ મરણનું સ્વરૂપ અને તેના કારણે થતાં દુઃખ વિષેનો પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. ભાવમરણનું સ્વરૂપ અને તેના કારણે થતાં દુઃખ વિષેનો સંવાદ ભજવો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. પશુઓ ઉપર થતા અત્યાચાર અને ત્રાસના સહભાગી થતા પોતે પોતાની જાતને કઇ રીતે બચાવી શકે તેની સમજૂતી પૂરી પાડવી.
૨. ભગવાન મહાવીરે સિંહની પર્યાયમાં અને ભગવાન પાર્શ્વનાથે હાથીની પર્યાયમાં કઇ રીતે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું તે કથા દ્વારા સમજાવવું. આ સમ્યગ્દર્શનમાં પૂર્વની મનુષ્યની પર્યાયમાં પ્રાપ્ત કરેલા આત્મહિતના સંસ્કારોનો ફાળો સમજાવી મનુષ્ય જીવનનો સદુપયોગ આત્મહિત માટે કરવાની પ્રેરણા પૂરી પાડવી.